# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-10-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગાંધીનગર માર્ગમકાન વિભાગની ચિંતન શિબિર:

**ગાંધીનગરમાં યોજાયેલી માર્ગ અને મકાન વિભાગની ચિંતન શિબિરમાં અધિકારીઓએ પાંચ મુખ્ય વિષય પર ચર્ચા કરી. તેમાં માર્ગ સંબંધિત પરિયોજનાના ઝડપી અમલીકરણ, ગુણવત્તા, જાળવણી અને માર્ગ સલામતી; સરકારી ઇમારતોના આકાર, બાંધકામની ગુણવત્તા અને ટકાઉપણું; પુલોની સલામતી, નિયમિત નિરીક્ષણ અને આધુનિક દેખરેખ વ્યવસ્થા; માનવ સંસાધનનું ક્ષમતા નિર્માણ, તાલીમ અને કૌશલ્ય વિકાસ; તેમજ ટૅક્નોલૉજીનો ઉપયોગ, પ્રક્રિયામાં સુધારા અને પારદર્શક કાર્યપદ્ધતિ જેવા વિષય અંગે ચર્ચા કરવામાં આવી.**

**“ગતિ, ગુણવત્તા, ગૌરવઃ વિકસિત ભારત 2047 માટે માળખાકીય સુવિધાને વેગ”ના વિષયવસ્તુ હેઠળ આઠ અને નવ ઑક્ટોબરે યોજાયેલી શિબિરમાં મળેલા સૂચનનો વ્યવહારમાં અમલ થઈ શકે તે માટે સક્રિય અમલીકરણ વ્યૂહરચના તૈયાર કરાશે.**

**--------------------------------------------------------------------------------------------------**

## અંબાજી પ્રસાદને G.I. ટૅગ મળ્યો:

**શક્તિપીઠ અંબાજી મંદિરના પ્રસાદ મોહનથાળને ભૌગોલિક ઓળખ – G.I. ટૅગ મળ્યો. અંબાજીના ચાચર ચોકમાં પેટન્ટ, ડિઝાઇન અને ટ્રેડમાર્ક્સના મહાનિયંત્રક અને ભૌગોલિક સંકેતોના રજિસ્ટ્રાર પ્રોફેસર ડૉક્ટર ઉન્નત પી. પંડિતની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં મોહનથાળ પ્રસાદના G.I. ટેગનું સત્તાવાર પ્રમાણપત્ર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને અર્પણ કરાયું. મોહનથાળ પ્રસાદને રાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ ઓળખ મળતા પ્રસાદની નકલ અને અનધિકૃત ઉપયોગ સામે કાયદાકીય રક્ષણ મળશે.**

---

# સેવા સંકલ્પ અભિયાન શ્રેણી-શ્રમ કાયદાઓ:

**પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે અમારી વિશેષ શ્રેણીમાં, આજે વાત કરીશું નવા શ્રમ કાયદાઓ વિશે.**

***(વોઈસ કાસ્ટ-પરેશ મારૂ)***

*કેન્દ્ર સરકારે દેશમાં શ્રમ વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે મહત્ત્વનું પગલું ભર્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, અગાઉના ૨૯ કેન્દ્રીય શ્રમ કાયદાઓને એકીકૃત કરીને ચાર શ્રમ સંહિતાઓ બનાવવામાં આવી છે.*

*વેતન સંબંધિત સંહિતા દ્વારા લઘુત્તમ વેતનની જોગવાઈને વ્યાપક બનાવવાની અને કામદારોને સમયસર પગાર મળે તે સુનિશ્ચિત કરવાની જોગવાઈ છે. ઔદ્યોગિક સંબંધો અંગેની સંહિતા વિવાદોના ઉકેલને સરળ બનાવે છે અને ઉદ્યોગોને કામકાજની વ્યવસ્થામાં વધુ છૂટછાટ આપે છે.*

*સામાજિક સુરક્ષા સંહિતા હેઠળ ગિગ વર્કર્સ, ઓનલાઇન પ્લેટફોર્મ સાથે જોડાયેલા કામદારો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને સામાજિક સુરક્ષાના દાયરામાં લાવવાનો હેતુ છે. જ્યારે વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યસ્થળની પરિસ્થિતિઓ અંગેની સંહિતા કામદારોની સલામતી, આરોગ્ય અને કલ્યાણનાં ધોરણોને વધુ મજબૂત બનાવે છે.*

*ચંડીગઢના ટ્રાઇસિટી બિલ્ડિંગ કામગાર યુનિયનના પ્રમુખ રામ પ્રીત શર્માએ જણાવ્યું હતું કે નવા શ્રમ કાયદાઓ શ્રમિકોના હિતમાં છે.*

***(બાઇટ : રામ પ્રીત શર્મા)***

*આ ચાર નવા કાયદાઓ ભારતીય શ્રમ જગતને આધુનિક યુગ સાથે કદમ મિલાવવામાં મદદ કરશે, જેથી કામદારો અને માલિકો બંને એક જ પારદર્શક અને સમાન નિયમોના માળખા હેઠળ રહીને પ્રગતિ કરી શકે.*

*પરેશ મારૂ, આકાશવાણી સમાચાર, ભુજ*

---

## નવરાત્રિના પ્રથમ દિને માતાના મઢ ખાતે એક લાખ થી વધુ દર્શનાર્થીઓ:

આદ્યશક્તિના મહાપર્વ નવરાત્રિના પ્રથમ દિને માતાના મઢમાં એક લાખ પદયાત્રીઓ સહિતના ભાવિકોએ મા આશાપુરાનાં દર્શન કર્યાં હતાં. ભક્તોએ રાત્રે 12 વાગ્યાથી પરોઢે પાંચ વાગ્યે કપાટ ખૂલવા સુધી જાગરણ કર્યું હતું. આ ભાવિકોની કતાર એક કિલોમીટરથી વધારે લાંબી લાગી હતી. સવારે પાંચ વાગ્યે મંદિરના કપાટ દર્શનાર્થીઓ માટે ખુલ્યા ત્યારે માતાજીના જય જયકાર સાથે મઢ ગામ ગુંજી ઊઠયું હતું. આ વર્ષે સાંસદ વિનોદ ચાવડાએ ભુજથી માતાના મઢની પદયાત્રા પૂર્ણ કરી સરહદી કચ્છ જિલ્લા સહિત દેશભરમાં માઈભક્તોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આજે બીજા નોરતે માતાજીના મુખ્ય મંદિર સહિત મઢના 11 મંદિર ઉપર પરંપરા મુજબ સવારના સવા આઠ વાગ્યે ધ્વજા ચઢાવવામાં આવશે.

---

## ભુજ બસ મથક અને રેલવે સ્ટેશનને ધસારો:

નવરાત્રિના પાવન પર્વે મા આશાપુરાના દર્શનાર્થે લાખોની સંખ્યામાં માઈભક્તો પગપાળા અને વાહનો મારફત માતાના મઢ પહોંચ્યા છે, ત્યારે દર્શન કર્યા બાદ પરત ફરેલા યાત્રાળુઓના ધસારાના પગલે ભુજના બસ મથક અને રેલવે સ્ટેશનમાં ભારે ભીડ જોવા મળી હતી. માતાના મઢ ખાતે દર્શન કર્યા બાદ એસટી દ્વારા ફાળવાયેલી વિશેષ બસ દ્વારા યાત્રાળુઓ ભુજ પહોંચ્યા પછી ભુજથી પોતાના ગંતવ્ય સ્થળે જવા માટે લોકોએ બસ મથક અને રેલવે સ્ટેશનમાં પડાવ નાખતાં બન્ને સ્થળે યાત્રિકોની ભારે ભીડ જોવા મળી હતી.

---

## ક્રિકેટ:

ભારતે વેસ્ટ ઈન્ડિઝને ત્રીજી ટી **20** મેચમાં **14** રને પરાસ્ત કરી શ્રેણીમાં બે વિરુદ્ધ એકની સરસાઇ મેળવી છે. ઇન્દોરના હોલકર સ્ટેડિયમ પરની મેચમાં ભારતે **223** રન કર્યા જેમાં અભિષેક શર્માના **69** રન મુખ્ય હતા.

---